# મોડાસામાં નર્મદાના નીર છલકાયા

## સાકરિયા ગામે ૫૦ વર્ષ બાદ તળાવમાં નર્મદાના નીર આવતા લોકોએ પાણીને વધાવ્યુ


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૨૫

પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મદી ચાર વર્ષ અગાઉ માઝુમ, મેશ્વો અને વાત્રક જળાશયો સહિત વચ્ચે આવતા તળાવોને નર્મદાના નીરથી ભરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે સંદર્ભે આજે મોડાસાના સાકરીયા ગામના તળાવમાં નર્મદાના નીર આવતા સરપંચ સહિત ગ્રામજનોએ તેના વધામણા કર્યા હતા.

મોડાસાથી આશરે પાંચ કિમી અંતરે સાંકરિયા ગામ આવેલુ છે. જયાં છેલ્લા ૫૦ વર્ષથી તળાવ સૂકુભઠ્ઠ ભાસી રહ્યું હતું, ત્યારે નરેન્દ્ર મોદીની ૫૫૦ કરોડનીયોજના હેઠળ અરવલ્લી જિલ્લાના તળાવો તથા માઝુમ, મેશ્વો અને વાત્રક જળાશય ભરવા જાહેરાત કરી હતી. જે યોજના અંતર્ગત આજે સાકરિયા ગામના તળાવને નર્મદાના નીરથી છલકાવી દેવામાં આવ્યું હતું. ત્યારે સરપંચ સહિત આગેવાનોએ નાની કન્યાઓના હસ્તે અગરબત્તી અને શ્રીફળ વધેરી વધામણા કરવામાં આવ્યા હતા.

# વડાગામ આંગણવાડીમાં નાના ભુલકાઓ માથે તોળાતુ જોખમ

વડાગામ, તા. ૨૫

વડાગામ સ્થિત આંગણવાડીમાં આવેલ તોતિંગ પાણીની ટાંકીનું ઢાંકણુ તુટેલી હાલતમાં છે. પરિણામે નાના-નાના ભૂલકાઓના માથે જોખમ તોળાઈ રહ્યુ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

આર.સી.સી.ની તોતિંગ પાણીની ટાંકી બનાવવામાં આવી હતી. જેનું ઢાંકણુ છેલ્લા ઘણા સમયથી તુટેલી હાલતમાં છે. પરિણામે આંગણવાડીએ ભણવા આવતા નાના-નાના ભુલકાઓ માટે રમત-ગમતમાં પાણીની ટાંકી કેટલી ખતરનાક સાબિત થશે તે વાત આ ભુલકાઓને ખબર


(તસવીર : બાબુભાઈ પટેલ)

વડાગામની સીમમાં સ્થાનિક સરકારીતંત્ર દ્વારા ૨૦૧૨-૧૩માં આંગણવાડી કેન્દ્રનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જેની બાજુમાં મોટી નથી ત્યારે સ્થાનિક સરકારીતંત્ર આ આંગણવાડી ખાતેની પાણીની ટાંકીનું ઢાંકણુ સત્વરે રીપેર કરવામાં આવેતેવી વાલીઓ માંગ કરી રહ્યા છે.

# મોડાસાના દોલપુર ગામેથી રેતી ભરેલી ચાર ટ્રકો ઝડપાઈ


(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લાના ખાણ ખનીજ વિભાગે સક્રિય થઈ ખનીજ ચોરી કરતા ભૂમાફીયાઓમાં સપાટો બોલાવતાં એક સાથે રેતી-ખનીજ ભરેલી અને પર પ્રાંત રાજસ્થાનમાં લઈ જવામાં આવી રહેલી ચાર ટ્રકોને ઝડપી લઈ રેતી ખનીજ ભરણ અંગે અને ગુજરાતમાંથી રાજસ્થાનમાં રેતી ઘુસાડવાના પ્રયત્ન બદલ કાયદેસરની કાર્યવાહી કરી તેમજ રેતી ભરેલી ચાર ટ્રકો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલી જિલ્લા ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેકટર આલ્ફાન્સ ડીઝોસાએ મોડાસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા મોડાસા તાલુકાના દોલપુર ગામેથી બિન અધિકૃત રીતે ચાર ટ્રકો રેતી ખનીજ ભરેલી ઝડપી લેવામાં આવી હતી.

ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રીના અજીતસીંઘ યદુવંશીના જણાવ્યા અનુસાર ચાર ટ્રકો પૈકી ૩ ટ્રકોમાં જેટલી રેતીની પાસ હતો તેનાથી નધુ જગ્યામાં રેતી ખનીજ ભરીને વહન કરવામાં આવી રહી હતી અને રોયલ્ટી ચોરી કરવામાં આવી હતી જયારે એક ટ્રકમાં રેતી પાસ મુજબ ભરેલ હતી પરંતુ આ ચારેય ટ્રકો કાયદાની જોગવાઈ વિરુદ્ધ રાજસ્થાનમાં લઈ જવાતી હોવાથી આ ટ્રકો સામે અપ્રમાણસર રેતી ખનીજ અને પ્રતિબંધ હોવા છતાં રાજસ્થાનમાં લઈ જવાતી હોઈ તેના કારણે ચારેય ટ્રકો કબ્જે લઈ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા મોડાસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ છે. આ ચાર ટ્રકોના આરોપીઓમાં રાજેન્દ્ર દેવાજી દિવકર (રહે. નાડીયા ડુંગરપુર-રાજસ્થાન) જીવણ યાવરભાઈ મીના (સીમલવાડા, રાજ.), દિનેશભાઈ બાબુભાઈ (રહે. સાગવાડા) તથા ભરતલાલ કાનાજી-સાગવાડા વિરુધ્ધ ફરિયાદ કરેલ છે અને ચારેય ટ્રકો રેતી ખનીજનો જાપ્તો કબ્જે લેવાયેલ છે. ચારે આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં પોલીસ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો




(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૨૫

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પોલીસ વિશેની ફરિયાદ તથા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં આજે પોલીસ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હિંમતનગરના નાયબ પોલીસ અધિક્ષક ગુપ્તા, પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા, પી.આઈ. ભરત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અને પ્રજાને લગતા પ્રશ્નોના જવાબો આપી માત્ર ૧૫ દિવસમાં જ પ્રશ્નોનું નિવારણ લાવવાની ખાત્રી આપી હતી. કાર્યક્રમમાં તાલુકાના અગ્રણી રહીશભાઈ કસ્બાની, નિત્યાનંદ બ્રહ્મભટ્ટ સહિત વિવિધ ગામોના સરપંચો અને પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


# દુઃખદ અવસાન



ભિલોડા, તા. ૨૫

ભિલોડાના પ્રવિણભાઈ પંડ્યા અને દશરથભાઈ પંડ્યા મોટાભાઈ અમૃતલાલ મથુરદાસ પંડ્યાનું તા.૨૦/૧૧/૨૦૧૪ ને ગુરૂવારના રોજ દુઃખદ્ અવસાન થયેલ છે.સદ્ગતનું બેસણું તા.૨૮/૧૧/૨૦૧૪ ને શુક્રવાર ના રોજ સમય બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦ દરમ્યાન રાખેલ છે.સ્થળઃ- આનંદધામ,પટેલ ફળીયું,પટેલ સમાજવાડીની પાછળ,ભિલોડા.

# પાલનપુરની એસેન્ટ શાળામાં ટ્રાફિક અવેરનેશ સેમિનાર યોજાયો


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૨૫

માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત પાલનપુર મુકામે આવેલ એસેન્ટ સાયન્સ સ્કૂલમાં વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોની માહિતી, સેલ્ફ અવેરનેસ તથા વિદ્યાર્થી ડ્રાઈવીંગ કેમ્પ અંગેની માહિતી આપવામાં આવી હતી. આ શાળામાં અભ્યાસ કરતા ૫૨૯ વિદ્યાર્થીઓએ આ સેમીનારનો લાભ લીધો હતો. લાઈસન્સ વિના વાહન ચલાવતા વિદ્યાર્થી માટેના લાઈસન્સ કેમ્પ ગુજરાત રાજયમાં પ્રથમ બનાસકાંઠામાં શરૂ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત આજ દિન સુધી પાલનપુર શહેરના ૧૫૦૦ વિદ્યાર્થીઓએ આ કેમ્પનો લાભ લઈ ડ્રાઈવિંગ લાઈસન્સ આપવામાં આવ્યા છે.

આજ રોજ એસેન્ટ સ્કૂલમાં યોજાયેલ માર્ગ સલામતી કાર્યક્રમ અંતર્ગત સદભાવના ગ્રુપના ચેરમેન અને જિલ્લા યુવા ભાજપના મહામંત્રી અને યુવાનોના પ્રશ્નો માટે હંમેશા ચિંતિત હરેશભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓને સેલ્ફ અવેરનેશ તથા ડ્રાઈવિંગ લાઈસન્સ કેમ્પ અંગે સંપૂર્ણ માહિતીથી વાકેફ કર્યા હતા અને ત્યાર બાદ વિદ્યાર્થીઓએ જાતેજ લાઈસન્સ અને હેલ્મેટ વગર વાહન ન ચલાવવાનો નિર્ધાર કર્યો હતો. વિદ્યાર્થીઓના આ સ્વયંભુ અભિગમને સર્વે અધિકારીઓએ આવકાર્યો હતો. આજના કાર્યક્રમમાં જિલ્લાના આર.ટી.ઓ. અધિકારીઓ, જિલ્લા ટ્રાફિક પીએસઆઈ દલસાણીયા તથા સાગરભાઈ જાની ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર અને ધાનેરા ખાતેનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ મોકુફ

પાલનપુર, તા.૨૫

પાલનપુર અને ધાનેરા તાલુકાનો લોક સંવાદ સેતુ (લોક દરબાર) આગામી તા.૨૯ મી નવેમ્બર-૨૦૧૪ના રોજ પાલનપુર મુકામે કર્મચારી કલ્યાણતંત્ર ભવનમાં સવારના ૧૦-૦૦ વાગે અને ધાનેરા મામલતદાર કચેરી ખાતે બપોરે-૩-૦૦ વાગે કુટીર ઉધોગ, મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન મંત્રીશ્રી તથા જીલ્લાના સહ-ભારીમંત્રીશ્રી તારાચંદ છેડાની અધ્યક્ષતામાં યોજાનાર હતો પરંતુ અનિવાર્ય કારણોસર હાલમાં આ કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો છે જેની પાલનપુર અને ધાનેરા તાલુકાની જાહેર જનતાને નોંધ લેવા જણાવાયું છે.

# વડાગામમાં કારમાં સાપ દેખાતા દોડધામ

વડાગામ, તા.૨૫

વડાગામ પાસેની રહેણાંક સોસાયટીમાં પાર્ક કરેલી કારમાં ઝેરી સાપ દેખાતા આસપાસમાં દોડધામ મચી જવા પામી હતી. બાદમાં ભારે જહેમત બાદ સાપને પકડી જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો.

વડાગામના સ્ટેશન વિસ્તારમાં રાજપુર તરફ જવાના માર્ગ પર ઉમિયાનગર સોસાયટી આવેલી છે.જયાં ખેતી કામ કરતા ખેડૂત આર.કે. પટેલનું મકાન આવેલું છે. અને તેઓ પોતાના પરિવાર સાથે ત્યાં રહે છે. દરમિયાન ખેડૂત આર.કે. પટેલ આજે સવારે પોતાની કાર નં. જીજે-૯-બી.એ. ૩૧૦૬ લઈ ખેતર ગયા હતા અને સાંજે કાર લઈ પરત ઘરે આવ્યા હતા અને કાર ઘર આગળ પાર્ક કરી હતી.

બાદમાં કારમાં રહેલ ખાતરની થેલીઓ બહાર કાઢી રહ્યા હતા ત્યાં અચાનક જ ઝેરી સાપ નજરે પડતા ચોંકી ઉઠયા હતા અને તુરંત આસપાસમાં પડોશીઓને જાણ કરી સાપને બહાર કાઢવા તજવીજ હાથ ધરી હતી. જો કે સાપ કારના એ.સી. ડેસ્કબોર્ડની અંદર ઘૂસી ગયો હતો. આથી કાર માલિકે હિંમતનગર ખાતે કંપનીમાં જાણ કરતા કંપનીના કારીગરો દોડી આવ્યા હતા. ડેસ્ક બોર્ડ ખોલી ઝેરી સાપને પકડી પાડયો હતો અને જંગલમાં છોડી મુકવામાં આવ્યો હતો.

# મેઘરજ ચોકડી પર ગાયમાતાની કરૂણ હાલત : નગરપાલિકાતંત્ર ઘોર નિંદ્રામાં

મોડાસા, તા. ૨૫

હિન્દુ ધર્મના રિવાજ મુજબ દરેક હિન્દુલોકો ગાય જેવા અબોલ પશુને માતાનો દરજ્જો આપી ખુબ જ આદરપૂર્વક પૂજન કરવામાં આવે છે. પરંતુ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના પશુપાલકો હિન્દુ ધર્મની આસ્થાને ઠેસ પહોંચે એ રીતે જાહેર રસ્તાઓ ઉપર રખડતી મુકી દે છે ત્યારે...

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની મેઘરજ ચાર રસ્તા ચોકડી ઉપર પશુપાલકોએ રખડતી ગાયને શામળાજી ગોધરાના રાજ્ય માર્ગ પર પુરપાટ ઝડપે આવતી ત્યારે વાહને અડફેટે લેતાં ગાયના બન્ને પગે ભારે ગંભીર ઈજા પહોંચતા બન્ને પગના હાડકા જુદા થઈ ગયા હતા. જેની જાણ જીવદયા ટ્રસ્ટના સાગર પંડ્યા થતા તાત્કાલિક સ્થળ પહોંચી ગયા હતા અને ગાયને રોડની એક બાજુએ ખસેડી પ્રાથમીક સારવાર કરી હતી. પરંતુ ગાયને ઈજાઓ ખુબ જ ગંભીર હોવાના કારણે મોડાસા શહેરમાં સારવાર ઉપલબ્ધ ન હોય અને અરવલ્લી જિલ્લામાં પાંજરાપોળ સુવિધાનો પણ અભાવ હોવાથી અરવલ્લી જિલ્લાના જીવદયા પ્રેમીઓએ મોડાસા નગરપાલિકાને જાણ કરેલ હતી. પરંતુ ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં નગરપાલિકાતંત્રએ ગાયમાતાને સારવાર આપવાનું તો ઠીક પરંતુ નગરપાલિકાતંત્રનો કોઈ અધિકારીએ ઈજાગ્રસ્ત આ સ્થળ ઉપર ફરકવાની પણ તસ્દી ન લેતા આ અંગેની જાણ અરવલ્લી જિલ્લાના જીવદયા ટ્રસ્ટના પ્રમુખ જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટને થતાં નગરપાલિકાને સીધી સૂચના કરી તાત્કાલિક ગાયને યોગ્ય સારવાર કરી વધુ સારવાર અર્થે ઈડર પાંજરાપોળ ખસેડવાનો આદેશ કર્યો હતો.


(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જીવદયા પ્રેમીઓએ મોડાસા નગરપાલિકાની અબોલ પશુઓ માટેની દાખવેલી નિષ્કાળજીની ખૂબ જ ટીકાઓ કરી હતી. અરવલ્લી જિલ્લા જીવદયા ટ્રસ્ટના ઉપપ્રમુખ નિલેશભાઈએ જણાવ્યા મુજબ અબોલ પશુઓની જાળવણી માટે આગામી સમયમાં અરવલ્લી જિલ્લામાં પાંજરાપોળ થાય તેવી રજુઆતો કરી હતી. તેમજ પશુપાલકોને અપીલ કરી હતી કે પોતાના કુટુંબનું ભરણપોષણ કરતા અબોલ પશુઓને ખુલ્લા માર્ગો આસપાસ ન મુકવા જોઈએ અને અબોલ પશુઓની યોગ્ય માવજત કરવામાં આવે.

# ખોડલાથી વરાણા જવા પગપાળા સંઘ રવાના



પાલનપુર, તા. ૨૫

પાલનપુર તાલુકાના ખોડલા ગામમાંથી ઠાકોર યુવક મંડળ દ્વારા વરાણા (ખોડીયાર માતાજી) ધામ ખાતે જવા પગપાળા સંઘ રવાના થયો હતો.

ગામના ખોડીયાર માતાજી મંદિરથી ધામધૂમપૂર્વક માતાજીના રથની આરતી ઉતારી ઢોલના તાલે પદયાત્રીઓએ વરાણા તરફ પ્રસ્થાન કર્યુ હતું. ખોડલથી વરાણા ખાતે નીકળેલ પગપાળા સંઘ ગઢ, મડાણા, પાટણ થઈ ત્રણ દિવસે વરાણા પહોંચી માતાજીના દર્શન કરશે. આ સંઘમાં ૫૦ પદયાત્રીઓ જોડાયા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧